PRNo.: SRT-687/2018-2020
Posted at : SURAT RMS / 2 on Dt.18-01-2018
RNI Regn. No. : GUJ/2006/20048

વિદ્યાર્થીઓનું અખબાર

# શિક્ષણ સર્વદા

અંકના આકર્ષણ

page > 2-4
યુ.પી.એસ.સી. દ્વારા લેવાતી પરીક્ષાઓ અંગે સાવ સરળ ગુજરાતી ભાષામાં માર્ગદર્શન

page > 5
ભારતની ફ્લાઇંગ કલબ્સ કે જ્યાંથી પાઇલોટ બની શકાય છે તેની માહિતી

page > 6
સ્વ વિકાસની યાત્રા કેવી રીતે કરી શકશો? પરેશ પટેલ-પિયુષ જોષીની કલમ

■ પાના : ૦૮ ■ વાર્ષિક લવાજમ રૂા.૫૦૦/-

email : shikshansarvada@gmail.com

તંત્રી : જસ્મીન પચ્ચીગર ● ડિરેક્ટર : અશોક રાંદેરીયા ■ સળંગ અંક : ૨૬૮ ■ વર્ષ : ૧૨ ■ તા.૧૬ થી ૩૧, જાન્યુઆરી ૨૦૧૮

પ્રેસનોટનું સ્થળ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ■ મો : ૯૮૨૫૩-૪૪૯૪૪ ■ ફેક્સ : ૦૨૬૧-૨૭૪૭૪૪૦.

## આનાથી મોટી કમનસીબી કે નાલેશી શું હોઇ શકે?

રાજયની અનેક યુનિવર્સિટીઓમાં પીએચડી અને એમ.ફીલના થિસીસ ફરજિયાત અંગ્રેજીમાં જમા કરાવવા પડે છે. જે વિદ્યાર્થી ધો.૧થી લઇને પીએચડી સુધી ગુજરાતી માધ્યમમાં ભણ્યો હોય તેણે પણ થિસીસ ફરજિયાત અંગ્રેજીમાં જમા કરાવવાના વિચિત્ર નિયમના કારણે અસંખ્ય વિદ્યાર્થીઓએ આર્થિક અને માનસિક યાતના સહન કરવી પડે છે. ગુજરાતી પ્રોત્સાહન આપવા ઇચ્છતાં મુખ્યમંત્રીએ સૌથી પહેલા રાજયની યુનિવર્સિટીઓમાં લાગુ કરાયેલા આ પ્રકારના 'જડનિયમનો તાકીદે બંધ કરાવવા જોઇએ તેવુ શિક્ષણવિદો માની રહ્યા છે.

# ગુજરાતી ભાષાના Ph.D.ના થિસીસ અંગ્રેજીમાં જમા કરાવવાના

ગુજરાત યુનિવર્સિટીમાં તાજેતરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતી ભાષાને ઉત્તેજન આપવા માટે ખાસ નીતિ તૈયાર કરવા અને ગુજરાતી ભાષાને સ્કૂલો અને કોલેજોમાં ફરજિયાત કરવાનો નિર્દેશ કર્યો હતો. જોકે, હાલની વાસ્તવિક્તા એ છે કે રાજયની અનેક યુનિવર્સિટીઓમાં પીએચડી અને એમ.ફીલના થિસીસ ફરજિયાત અંગ્રેજીમાં જમા કરાવવા પડે છે. ધો.૧થી લઇને પીએચડી સુધી ગુજરાતી માધ્યમમાં ભણ્યા હોય તેવા વિદ્યાર્થીઓએ પણ થિસીસ ફરજિયાત અંગ્રેજીમાં જમા કરાવવાના વિચિત્ર નિયમના કારણે અસંખ્ય વિદ્યાર્થીઓએ આર્થિક અને માનસિક યાતના સહન કરવી પડે છે. ગુજરાતી પ્રોત્સાહન આપવા ઇચ્છતાં મુખ્યમંત્રીએ સૌથી પહેલા રાજયની યુનિવર્સિટીઓમાં લાગુ કરાયેલા આ પ્રકારના 'જડનિયમનો તાકીદે બંધ કરાવવા જોઇએ તેવું શિક્ષણશાસ્ત્રીઓ દ્રઢપણે માની રહ્યા છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન (યુજીસી) દ્વારા પીએચડી કે એમ.ફીલ કરતાં વિદ્યાર્થીઓએ ફરજિયાત પોતાના સંશોધનપત્ર એટલે કે થિસીસ અંગ્રેજીમાં જ જમા કરાવવો તેવો કોઇ નિયમ લાગુ કર્યો નથી. પરંતુ અંગ્રેજીને 'વિશેષ મહત્વ આપતાં કેટલાક કુલપતિઓ અને પ્રોફેસરોએ યુજીસીના નામે આ નિયમ યુનિવર્સિટીઓમાં ઠોકી બેસાડ્યો છે. હાલમાં એસ.પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, નોર્થ ગુજરાત યુનિવર્સિટી સહિતની રાજયની અનેક યુનિવર્સિટીઓ એવી છે કે જેમાં વિદ્યાર્થીઓ એમ.ફીલ કે પીએચડી કોઇપણ વિષયમાં કરતાં હોય પરંતુ તેઓએ થિસીસ ફરજિયાત અંગ્રેજીમાં જ જમા કરાવવો પડે છે.

સિનોપ્સીસ અંગ્રેજીમાં જમા કરાવવાનો નિયમ તો મોટાભાગની યુનિવર્સિટીઓમાં લાગુ છે. પરંતુ થિસીસ પણ અંગ્રેજીમાં આપવાના કારણે હાલમાં આ યુનિવર્સિટીઓમાંથી એમ.ફીલ કે પીએચડી કરતાં વિદ્યાર્થીઓ રીતસરના માનસિક ત્રાસ ભોગવી રહ્યા છે. વિદ્યાર્થીઓ કહે છે અંગ્રેજીમાં થિસીસ જમા કરાવવાના નિયમના કારણે ગુજરાતી ભાષામાં જે થિસીસ તૈયાર કર્યો હોય તેનુ અંગ્રેજી ભાષાંતર કરાવવુ પડે છે. એક પેજના અંદાજે ૧૫૦ થી ૨૦૦ રૂપિયા લેવામાં આવે તો થિસીસમાં અંદાજે ૪૦૦ પેજ પ્રમાણે ગણતરી કરીએ તો વિદ્યાર્થીએ ૬૦ હજાર રૂપિયાથી લઈને એક લાખ રૂપિયા જેટલી રકમ માત્ર અંગ્રેજીમાં થિસીસ તૈયાર કરાવવામાં આપી દેવી પડે છે. જેમાં પણ સારા ટ્રાન્સલેટર ન મળે તો થિસીસનું જે પ્રકારનું અંગ્રેજી થાય છે તે હાસ્યાસ્પદ બનતુ હોય છે.

ગુજરાત યુનિવર્સિટીમાં પણ ગતવર્ષ સુધી એમ.ફીલપીએચડીના થિસીસ ફરજિયાત અંગ્રેજીમાં જ જમા કરાવવા તેવો નિયમ લાગુ કરાયો હતો પરંતુ કેટલાક જાગૃત અધ્યાપકોના પ્રયાસના કારણે હાલમાં માત્ર સિનોપ્સીસ અંગ્રેજી અને થિસીસ ગુજરાતી ભાષામાં જમા લેવાનુ શરૂ કરાયુ છે. જોકે રાજયની અનેક યુનિવર્સિટીઓમાં હાલ પણ થિસીસ અંગ્રેજી ભાષામાં જમા કરાવવાના નિર્ણયના કારણે અનેક વિદ્યાર્થીઓ માનસિક અને આર્થિક યાતના ભોગવી રહ્યા છે.

## યુનિ.ઓમાં એન્ટ્રન્સ ટેસ્ટ પણ અંગ્રેજીમાં

રાજયની જુદી જુદી યુનિવર્સિટીઓમાં પીએચડી અને એમ.ફીલમાં પ્રવેશ માટે લેવાતી એન્ટ્રન્સ ટેસ્ટ પણ ફરજિયાત અંગ્રેજીમાં લેવામાં આવે છે. ધો.૧થી લઇને એમ.એ. સુધી ગુજરાતી માધ્યમમાં જ અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજીમાં જ એન્ટ્રન્સ ટેસ્ટના લેવાના કારણે એમ.ફીલ અને પીએચડીમાં પ્રવેશ માટેના દરવાજા જ બંધ થઇ જાય છે.

## ભાષાનો ભોગ વિદ્યાર્થી બને એ ખોટું

માતૃભાષામાં શિક્ષણ આપવુ તેવો કાયદો દરેક યુનિવર્સિટીઓના બંધારણમાં મોજુદ છે. જે વિદ્યાર્થીઓ એમ.ફીલ કે પીએચડી દ્વારા પોતાના જ્ઞાનમાં વધારો કરવા ઇચ્છતાં હોય અને માત્ર ભાષાના કારણે તેઓને ઉચ્ચ શિક્ષણથી વંચિત રાખવા તે ખરેખર ગંભીર ગુનો છે. પીએચડીએમ.ફીલની એન્ટ્રન્સ ટેસ્ટ અંગ્રેજીમાં લેવાના કારણે આદિવાસી અને અતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી જાય તેવી સ્થિતિમા તાકીદે સુધારની જરૂર છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત યુનિ.ના કાર્યક્રમમાં ગુજરાતીને પ્રોત્સાહન આપવાની જાહેરાત કરી પણ યુનિવર્સિટીઓની વાસ્તવિક સ્થિતિઓ તદ્દન વિપરિત : અનેક યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ કોઇપણ વિષયમાં પીએચડીએમ.ફીલ કરે પણ થિસીસ ફરજિયાત અંગ્રેજીમાં જમા કરાવવો પડે છે : ધો.૧થી પીએચડી સુધી ગુજરાતીમાં ભણનારા વિદ્યાર્થીએ હજારો રૂપિયા ખર્ચીને થિસીસ અંગ્રેજીમાં તૈયાર કરાવવો પડે છે

## UPSC મેઇનનું પરિણામ જાહેર દેશમાં ૨૭૪૫ ઉમેદવાર કવોલીફાઇ

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા ગત ઓક્ટોબરથી નવેમ્બર દરમિયાન લેવાયેલી કુલ ૯૮૦ જગ્યા માટેની મેઇન પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવાયું છે. જેમાં કુલ ૨૭૪૫ ઉમેદવારો કવોલીફાઇ જાહેર થયા છે. ગુજરાતમાંથી ૧૮૮ જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જે પૈકી કેટલા ઉમેદવારો પાસ થયા તેની વિગતો સ્પીપા દ્વારા આવતીકાલે જાહેર કરાશે. જે ઉમેદવારો પાસ જાહેર થયા છે તેમના તા.૧૯મી ફેબ્રુઆરીથી ઇન્ટરવ્યૂ સહિતની જુદી જુદી પરીક્ષા લેવાશે.

યુપીએસસી દ્વારા આઇએએસ, આઇપીએસ સહિતના જુદા જુદા કેડરની ખાલી પડેલી ૯૮૦ જગ્યા માટે ૨૮મી ઓક્ટોબરથી ૩ નવેમ્બર સુધી પરીક્ષાઓ લેવાઈ હતી. સમગ્ર દેશમાંથી ૧૩ હજારથી વધુ ઉમેદવારોએ આ પરીક્ષા આપી હતી. ગુજરાતના સ્પીપામાંથી ૧૩૩ અને સ્પીપાના માધ્યમથી ૫૫ મળી કુલ ૧૮૮ ઉમેદવારોએ યુપીએસસીની મેઇન પરીક્ષા આપી હતી. યુપીએસસી દ્વારા આજે જાહેર કરાયેલા પરિણામમાં કુલ ૨૭૪૫ ઉમેદવારો લાયક ઠર્યા છે. જો કે, આ કવોલીફાઇ થયેલા ઉમેદવારોમાં ગુજરાતના કેટલા ઉમેદવારોનો સમાવેશ થાય છે તેની વિગતો સ્પીપા દ્વારા આવતીકાલે સત્તાવાર જાહેર કરાશે. ગુજરાત સહિત સમગ્ર દેશમાંથી જે ઉમેદવારો કવોલીફાઇ થયા છે તેમના માટે હવે તા.૧૯મી ફેબ્રુઆરીએ પર્સનાલિટી ટેસ્ટ સહિતની પરીક્ષા લેવાશે. જેમાં પાસ થનારા ઉમેદવારોને આખરી નિયુક્તિ માટે પસંદ કરાશે. ગતવર્ષે લેવાયેલી યુપીએસસીની મેઇન એકઝામમાં ગુજરાતમાંથી અંદાજે ૧૪૪ ઉમેદવારો નોંધાયા હતા. જે પૈકી ૩૧ ઉમેદવારો મેઇન પરીક્ષા પાસ કરવામાં સફળ રહ્યા હતા.

## શું આપણાં કમ્પ્યૂટર્સ અને મોબાઈલ ફોન્સ ખતરામાં છે?

કમ્પ્યૂટર સિક્યોરિટી એક્સપર્ટ્સને જાણ થઈ છે કે દુનિયાનાં લગભગ બધા જ કમ્પ્યૂટર્સનાં માઈક્રોપ્રોસેસરમાં બે મોટી તકલીફો છે. આ બંને સમસ્યાઓને મેલ્ટડાઉન અને સ્પેક્ટર તરીકે ઓળખવામાં આવે છે જેનાં કારણે હેકર્સ મોબાઈલ ડિવાઈસ, પર્સનલ કમ્પ્યૂટર્સ અને સર્વર પર ચાલનાર ક્લાઉડ કમ્પ્યૂટર નેટવર્ક સહિત કમ્પ્યૂટરની બધી જ મેમરી કન્ટેંટને નુકશાન પહોંચાડી શકે છે.

સંશોધકો અનુસાર સ્પેક્ટરને રીપેર કરવું સરળ નથી કારણ કે તેના માટે પૂરા પ્રોસેસરની રીડિઝાઈનિંગ કરવી પડશે. મેલ્ટડાઉનને ફિક્સ કરવા માટે સૉફટવેરની જરૂર પડશે. જેના કારણે કમ્પ્યૂટર્સ ૩૦ ટકા જેટલું ધીમું પડી જશે જેનાં કારણે ઑનલાઈન સર્વિસથી ફાસ્ટ ડાઉનલોડિંગમાં તકલીફો પડી શકે છે.

આ તકલીફો વિશે જાણકારી મેળવનાર રિસર્ચર્સ અને રેમબસગૂગલ જેવી મોટી કંપનીઓ માટે કામ કરી ચીકેલા પૉલ કોચર કહે છે, આ તકલીફોનાં કારણ શું હોઈ શકે છે તે અલગ વાત છે અને તેનાં માટે તમે શું ઉપાય કરો છો તે અલગ વાત છે.એમેઝૉન, ગૂગલ અને માઈક્રોસૉફટ દ્વારા ચાલતી ક્લાઉડ કમ્પ્યૂટિંગ સર્વિસિસ માટે મેલ્ટડાઉન એક મોટી સમસ્યા છે.

## પાઇલોટ બનવાની બોગસ સંસ્થાની ચુંગાલમાં ફસાતા નહીં

# આ રહી ભારતની કાયદેસરની ફ્લાઇંગ કલબ્સ

| S.NO. | NAME & ADDRESS OF THE INSTITUTE | SCOPE OF APPROVAL (LIMITATIONS IF ANY) | VALIDITY OF APPROVAL |
|---|---|---|---|
| | **NORTHERN REGION** | | |
| 1 | Alpine Institute of Aeronautics Nanda Ki Chowki, Prem Nagar, Dehradun-248007,Uttrakhand | Avionics stream<br>Mechanical stream (Aeroplane & Power plant)<br>Mechanical stream (Helicopter & Power plant) | 31.07.2018 |
| 2 | JRN Institute of Aviation Technology, 414/2,Rani Khera More, Mundka, Delhi-110041 | Avionics stream<br>Mechanical stream (Aeroplane & Powerplant)<br>Mechanical stream (Helicopter & Powerplant) | 31.07.2018 |
| 3 | School of Aeronautics Palam Extn Part -1 Near sec-7, Dwarka, New Delhi | Avionics stream | 31.07.2018 |
| 4 | School of Aviation Science and Technology, Safdarjung Airport New Delhi. | Avionics stream<br>Mechanical stream (Aeroplane & Powerplant) | 31.07.2018 |
| 5 | Indraprasth Institute of Aeronautics Behind APNO Ghar sec-77 Gurgaon Haryana-122001 | Avionics stream<br>Mechanical stream (Aeroplane & Powerplant) | 31.07.2018 |
| 6 | Star Aviation Academy P-76 Palam Vihar Gurgaon | Avionics stream<br>Mechanical stream (Aeroplane & Powerplant) | 31.07.2018 |
| 7 | Himachal College of Aircrafts Engineering Pradhan Complex -11 Anji Barog, Solan, Himachal Pradesh | Avionics stream | 31.07.2018 |
| 8 | S T Institute of Aeronautics Gopalpura Bypass, Near Triveni Nagar Chauraha Jaipur | Mechanical stream (Aeroplane & Powerplant) | 31.07.2019 |
| 9 | Institute of Aircraft Maintenance Engineers, Gorakhpur. | Avionics stream<br>Mechanical stream (Aeroplane and Power plant) | 31.07.2018 |
| 10 | Aeronautical Training Institute, Govt. of UP, Lucknow Airport, Lucknow. | Avionics stream<br>Mechanical stream (Aeroplane and Power plant) | 31.07.2018 |
| 11 | Falcon Institute of Aircraft Maintenance Engineers, Lucknow. | Avionics stream | 31.07.2018 |
| 12 | Azad Institute of Aeronautics and Engineering, Lucknow. | Avionics stream | 31.07.2018 |
| 13 | School of Aeronautics (Neemrana) Add- I-04, Riico Industrial Area, Dist-Alwar, Rajasthan | Avionics stream | 31.07.2019 |
| 14 | Punjab Aircraft Maintenence Engineering College Civil Aerodrome Sangrur Road, Patiala Punjab | Mechanical stream (Aeroplane and Power plant) | 31.07.2019 |
| 15 | Indian Institute of aircraft engineering PMCE Campus, Sonepat Haryana | Mechanical stream (Aeroplane and Power plant) | 12.07.2019 |
| | **EASTERN REGION** | | |
| 16 | Air Technical Training Institute, VIP Road, Kaikhali Kolkata-700052 | Mechanical stream (Aeroplane and Power plant) | 31.07.2018 |
| 17 | Bharat Institute Of Aeronautics, Patna Airport, Patna, Bihar | Avionics stream<br>Mechanical stream (Aeroplane and Power plant) | 31.07.2018 |
| 18 | College Of Aeronautical Engineering, Airport Road, Ranigate, Borjhar, Guwahati, Assam-781017 | Mechanical stream (Aeroplane and Power plant) | 31.07.2018 |
| 19 | Utkal Aerospace & Engineering 356,Kolkathia Road, Opp- Biju Pattnayak Energy Park Khandagiri, Bhubaneswar-751030 | Avionics stream<br>Mechanical stream (Aeroplane and Power plant) | 31.07.2018 |
| | **WESTERN REGION** | | |
| 20 | Indian Aerospace & Engineering (IAE) ,Plot 9-10, Jawahar Cooperative Industrisl Estate, Panvel, Navi Mumbai-410 209 | Mechanical stream (Aeroplane and Power plant) (LA, CP-Restricted) | 31.07.2018 |
| 21 | Institute Of Aircraft Maintenance Engineering (IAME), Osmanpura, Aurangabad-431 005 | Avionics stream | 31.07.2018 |
| 22 | NDC Institute Of Aircraft Maintenance Engineering (NDC-AME), Near Sagar Film City, Sayajipura, Ajwa Road, Vadodara (Gujrat.). | Avionics stream<br>Mechanical stream (Aeroplane and Power plant) | 31.07.2018 |
| 23 | Indira Institute Of Aircraft Engineering, Sarve No.-37, Manjari Farm, Solapur Road, Pune-412 307 | Avionics stream | 31.07.2018 |
| 24 | Academy Of Carver Aviation Baramati, Baramati, Dist-Pune, Maharastra- 413 133 | Avionics stream<br>Mechanical stream (Aeroplane and Power plant) | 31.07.2018 |
| 25 | Bombay Flying Club Juhu Aerodrome, Vile Parle(W) Mumbai – 400 056 | Avionics stream<br>Mechanical stream (Aeroplane and Power plant) | 31.07.2018 |
| 26 | HAL-PRAVARA Aviation Institute Ojhar Air Force Station Tal. Niphad,Nasik 422 221 | Avionics stream | 31.07.2018 |
| 27 | Thakur Institute Of Aviation Technology, Thakur Complex, Kandivali (East), Mumbai-400101 | Avionics stream<br>Mechanical stream (Aeroplane & Power plant)<br>Mechanical stream (Helicopter & Power plant) | 31.07.2018 |
| 28 | Hindustan Aerospace & Engineering, 258/2, Balaji Park, Aundh, Pune-411 007 | Avionics stream<br>Mechanical stream (Aeroplane & Power plant) | 31.07.2018 |
| 29 | Pune Institute Of Aviation Technology, Survey No.12, Opp. Ravidarshan Building, Near Akashwani, Hadapsar, Pune-411 028(MS) | Avionics stream | 31.07.2018 |
| 30 | Sha-Shib Aerospace Academy. Guna Airport, GUNA (M P) | Mechanical stream (Aeroplane and Power plant) | 31.07.2018 |
| 31 | Institute of Aeronautics & Engineering. Sahpur Road, Parvalia Sadak, N.H.12, Bhopal (M P) | Mechanical stream (Aeroplane and Power plant)<br>Avionics stream | 31.07.2018 |
| 32 | Sky College of Aeronautical Engineering. Millenium College campus, Nathubarkheda Road, near Neelbad, Bhopal (MP)- 462044. | Mechanical stream (Aeroplane and Power plant) | 31.07.2018 |
| | **SOUTHERN REGION** | | |
| 33 | M/s Vinayaka Missions Aviation Academy, Chinna Seeragapadi, NH-47, Salem, Tamilnadu - 636308 | Mechanical (Aeroplane & Power plant)<br>Mechanical (Helicopter & Power plant) | 31.07.2018 |
| 34 | M/s Hindustan Institute of Engineering Technology, St. Thomas Mount, Chennai - 16 | Avionics stream<br>Mechanical stream (Aeroplane & Power plant) | 31.07.2018 |
| 35 | M/s Park School of Aeronautical Sciences, Avinashi Road, Kaniyaur, Coimbatore | Mechanical stream (Aeroplane & Power plant) | 31.07.2018 |
| 36 | M/s Hyderabad College of Aviation Technology, Noorul Islam University Campus, 10/47, Hazi Manzil main Road, Kumaracoil, Thuckalay, Kanyakumari District - 629180 | Avionics stream<br>Mechanical stream (Aeroplane & Power plant) | 31.07.2018 |
| 37 | M/s Nehru College of Aeronautics and Applied Sciences, Kuniamuthur, Coimbatore – 641 008 | Avionics stream<br>Mechanical stream (Aeroplane & Power plant)<br>Mechanical stream (Helicopter & Power plant) | 31.07.2018 |
| 38 | M/s Air Carnival Aviation Academy 298 Pollachi main Road, Myleripalayam, Othakkalmandapam, Coimbatore 641032. TamilNadu. | Mechanical stream (Aeroplane & Power plant)<br>Mechanical stream (Helicopter & Power plant) | 31.07.2018 |
| 39 | Flytech Aviation Academy, Corporate Office: 1-8-303/33, Nagam Towers, 3rd& 4th Floor, NTR Circle, Minister's Road, Secunderabad – 500 003. | Avionics stream<br>Mechanical stream (Aeroplane & Power plant)<br>Mechanical stream (Helicopter & Power plant) | 31.07.2018 |

# કારકીર્દીનો નિર્ણય લેવામાં હંમેશા અવઢવ કેમ રહે?

**કેસ ૧.**

એમબીબીએસનો અભ્યાસ કરીને જનરલ પ્રેક્ટીશ કરતો મનન હાલ એમબીએ કરી રહ્યો છે. મનનને એવું લાગે છે કે તબીબી ક્ષેત્રે તેણે ભલે ડીગ્રી મેળવી લીધી, પરંતુ તેને આ કામ કરવામાં કોઈ ખાસ મજા આવતી નથી. તેથી તેણે મેડીકલની પ્રેક્ટીસની સાથે સાથે એમબીએનો પણ અભ્યાસ શરૂ કરી દીધો છે.

**કેસ ૨.**

મીતાલી પોતે એમબીબીએસ થયેલી છે. તે જોકે તબીબ તરીકે પ્રેક્ટીસ કરતી નથી. લગ્ન બાદ તે હાઉસવાઈફ તરીકેની જવાબદારી સુપેરે નિભાવી રહી છે, પરંતુ એક વાત મીતાલીને સતત કોરી ખાય છે કે તેણે મેડિકલ લાઈન પસંદ કરી તેના કરતાં સંગીત ક્ષેત્ર પસંદ કર્યુ હોય તો તે આજે ટોચ પર હોત. મીતાલી સારી ગાયક છે અને સ્કૂલ તથા કોલેજમાં તે ગાયકી ક્ષેત્રે અનેક મેડલ પણ મેળવી ચૂકી છે. આજે પણ તે ઘરકામ કરતી વખતે સતત ગીતો ગાયા કરે છે અને એટલાથી જ સંતોષ માની લે છે.

આ બંને કિસ્સામાં એક સમસ્યા સામાન્ય છે અને તે છે પસંદ કરેલા ક્ષેત્ર માટે જરૂરી કાર્યકુશળતાનો અભાવ. કારકીર્દી પસંદ કરતાં પહેલા વ્યક્તિએ પોતો અથવા તો બાળકના વાલીએ બહુ સમજી વિચારીને નિર્ણય લેવો જોઈએ. ઉતાવળે લીધેલા નિર્ણયના પગલે ભવિષ્યમાં ગમતું ક્ષેત્ર હાથમાંથી છૂટી ગયાનો રંજ જિંદગીભર સતાવ્યા કરે છે. આપણામાંથી ઘણાં લોકો રોજબરોજ જે કામ કરે છે તે કામમાં તેમને મજા આવતી જ હશે તે કહેવું વધારે પડતું છે. ઘણી વખત એવું લાગે છે કે હાલ જે ક્ષેત્રમા છીએ તેના કરતાં અન્ય ક્ષેત્ર પસંદ કર્યુ હોત તો વધુ સફળતા મળી હોત. કારકીર્દી પસંદ કરવી એ હવે બહુ અઘરો વિષય બની ગયો છે ત્યારે વિદ્યાર્થીકાળથી જ વાલીઓ બાળકોની કારકીર્દીની ચિંતા કરતાં થઈ ગયા છે. વેકેશન ખૂલ્યા બાદ કઈ લાઈન પસંદ કરવી તે અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓ અત્યારથી જ માર્ગદર્શન મેળવતા થઈ ગયા છે અને તે માટે હવે સાઈકોલોજિસ્ટની મદદ લેવાનો નવો ટ્રેન્ડ વીકસી રહ્યો છે. ધો.૮ થી ૧૨ના વિદ્યાર્થીઓનો તેમના વાલીઓ એપ્ટીટ્યુટ ટેસ્ટ કરાવે છે.

## ધનાઢ્ય પરિવારનાં પેરન્ટ્સ ઓપન માઈન્ડેડ છે

બાળકની કારકીર્દીની પસંદગી બાબતમાં પેરેન્ટ્સ ઓપન માઈન્ડેડ થયા છે તેવું કન્સલ્ટીંગ સાયકોલોજીસ્ટ ડો. પ્રશાંત ભીમાણીનું કહેવું છે. તેમણે જણાવ્યુ કે વાલી હવે બાળકો પર પોતાની પસંદગી થોપી બેસાડવામાં માનતા નથી. જોકે આ ઓપનમાઈન્ડેડ માનસિકતા માત્ર ધનાઢ્ય પરિવારોમાં જ જોવા મળે છે. તેઓ પોતાના બાળકને જે બાબતમાં રસ હોય તે દિશામાં જ આગળ વધવા માટે પ્રેરણા આપે છે જયારે મધ્યમવર્ગના વાલી મુખ્યત્વે પોતાની પસંદગી બાળકો પર થોપી દેતા હોય છે. પોતે જે નથી કરી શક્યા તે પોતાના બાળક પાસે કરાવવા ઈચ્છતા હોય છે. પોતે જે નિર્ણય બાળક પર થોપી રહ્યા છે તે કેટલો યોગ્ય છે તે નક્કી કરવા ઘણા વાલી આવતા હોય છે. આવા સંજોગોમાં ક્યારેક વાલીઓનું પણ કાઉન્સેલીંગ કરવું પડે છે.

## છોકરીઓ કરતાં છોકરા વધું મૂંઝવણ અનુભવે

કારકીર્દી પસંદગી મુદ્દે છોકરી કરતાં છોકરા વધુ મુંઝવણ અનુભવે છે. છોકરાઓ પર આમ પણ વધુ જવાબદારી હોય છે તેથી તેઓ આ મુદ્દે વધુ મુંઝાય છે અને તેથી એપ્ટીટ્યૂડ ટેસ્ટ માટે ૬૦ ટકા છોકરાઓ આવે છે. જયારે છોકરીઓનું પ્રમાણ ૪૦ ટકા છે. મને બાયોલોજી અને કેમેસ્ટ્રીની સાથે આર્ટમાં પણ રસ છે. ધો.૧૦ બાદ મારે કઈ લાઈન લેવી. આ મુંઝવણ માટે મારા પિતાએ સાઈકોલોજિસ્ટની મદદ લેવા કહ્યું. એપ્ટીટ્યૂડ ટેસ્ટ બાદ સાઈકોલોજિસ્ટ જ મને જણાવશે કે મારે ભવિષ્યમાં શું કરવું. **સંજના પરીખ**

હું અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી હતી. હવે હું ગુજરાતી માધ્યમમાં છું. મને ડાન્સમાં વધુ રસ છે. ભવિષ્યમાં મારે ડાન્સ ટીચર બનવું છે તેથી સાઈકોલોજિસ્ટનું માર્ગદર્શન લેવા મારા પિતા સાથે અહીં એપ્ટીટ્યૂડ ટેસ્ટ આપવા આવી છું. **દિયા ચૌધરી**

## એપ્ટિટ્યૂડ ટેસ્ટ શુ છે?

એપ્ટીટ્યૂડ ટેસ્ટ એટલે બાળકમાં કારકીર્દી સંદર્ભે જરૂરી એપ્ટીટ્યૂડ, એટીટ્યૂડ અને ઈન્ટરેસ્ટનું મનોવૈજ્ઞાનિક માપન. આ ટેસ્ટ અંતર્ગત સાઈકોલોજિસ્ટ બાળકનો આઈ ક્યુ ટેસ્ટ પણ કરે છે. કાઉન્સેલીંગ કરે છે. બાળકમાં રહેલી શાબ્દિક, ગાણીતીક, મિકેનિકલ, સ્પાસીયલ (અવકાશગત ક્ષમતા) સહિતના પાસા ચકાસવામાં આવે છે. એપ્ટીટ્યૂડ ટેસ્ટ અંતર્ગત મુખ્યત્વે ત્રણ પ્રકારના ટેસ્ટ લેવાય છેઃ જનરલ એપ્ટીટ્યૂડ ટેસ્ટ, ડિફરન્શિયલ એપ્ટીટ્યૂડ ટેસ્ટ અને પર્ફોમન્સ ટેસ્ટ. આ ટેસ્ટમાં લેખિત અને મૌખિક સવાલ જવાબ કરવામાં આવે છે તેમજ કેટલાક સાધનનો ગોઠવણી પણ કરવાનું કહેવામાં આવે છે. આ તમામ પ્રક્રિયાના અંતે બાળકનો રસ અને તે મુજબ તેની કાર્યકુશળતાનો અંદાજ મેળવીને તે ક્યા ક્ષેત્રે વધુ સફળતા મેળવી શકશે તેનો તાગ મેળવાય છે.

## હળવી શૈલીમાં આ રીતે લાઇફ લેસન્શ શીખવી શકાય

દર વખતે કંઈક શીખવા માટે ક્લાસરૂમની જરૂર નથી હોતી. કેટલીક વાર ક્લાસરૂમની બહાર જે શીખી શકાય છે એ ક્લાસની અંદર નથી શીખી શકાતું. એવી જ કેટલીક બાબતો વિશે આજે વાતો કરીએ જીવનમાં આગળ વધવા માટે ભણતર અને ગણતર બન્ને જરૂરી છે. બાલ્યાવસ્થામાં જોકે ભણતર પર જ વધુ ફોકસ કરવામાં આવે છે. બાળનિષ્ણાતો ગળું ફાડીફાડીને થાક્યા છે કે બાળકોનો સર્વાંગી વિકાસ કરવો હશે તો તેમને માળખાકીય બંધારણની બહાર પણ ખીલી શકે એવો અવકાશ આપો. જોકે આજની મમ્મીઓ બાળકને એક ક્લાસથી બીજા ક્લાસમાં જોડાવવામાં અને દોડાવવામાં મસ્ત છે. અભ્યાસમાંથી સમય મળે એટલે ડાન્સક્લાસ, પેઇન્ટિંગક્લાસ, ચેસક્લાસ, ફોનિક્સ, ગિટારક્લાસ, સ્વિમિંગક્લાસ, સ્કેટિંગ જેવા અઢળક ક્લાસ કરાવવા માટે મચી પડી હોય છે. એક્સ્ટ્રાકરિક્યુલર એક્ટિવિટીમાં આ ક્લાસની હારમાળામાં અટવાયેલું બાળક વાસ્તવિક વિશ્વ સાથે ક્યારેય તાલમેલ જ નથી સાધી શકતું. આજે તમારી સમક્ષ એવા એજયુકેશનની વાત લઈને આવ્યા છીએ જેના માટે ક્લાસરૂમની જરૂર નથી; જેના માટે નોટબુક, પેન કે પેન્સિલની જરૂર નથી; જેના માટે કોઈ બંધારણવાળું વાતાવરણ નથી છતાં ભરપૂર ઘડતર છે. ભણતર સહિત ગણતર પણ છે. બાળકોને ક્લાસરૂમની બહાર એજયુકેટ કરી શકાય એવી ત્રણ એક્ટિવિટી વિશે ચાઇલ્ડકાઉન્સેલર ડો. રાશિ આનંદ પાસેથી જાણવા મળેલી વિગતો આ રહી.

### ૧. સોશ્યલ વર્કમાં બાળકને ઇન્વોલ્વ કરો

માણસ તરીકેના સામાન્ય ગુણો અને આદર્શો બાળકોમાં રોપવા માટે સોશ્યલ વર્કમાં બાળકને સામેલ કરવાનો આઇડિયા અનેક રીતે તેને મદદરૂપ બનશે. ચાહે એ સ્વચ્છતા અભિયાન અંતર્ગત તમારી આસપાસના વિસ્તારને સાફ કરવાની વાત હોય, વૃક્ષારોપણનો કાર્યક્રમ હોય કે પછી જરૂરિયાતમંદ બાળકોને વસ્તુઓનું વિતરણ કરવાનો પ્રસંગ હોય. આ પ્રકારની એક્ટિવિટી બાળકમાં ટીમવર્ક, બીજા માટેની સહાનુભૂતિ, મદદ કરવાની ભાવના, સમાજ અને પર્યાવરણ પ્રત્યેની પોતાની જવાબદારી જેવી બાબતો ડેવલપ કરે છે. સોશ્યલ સ્કિલ ડેવલપ કરવામાં પણ આ બાબત મહત્વનો ભાગ ભજવે છે.

### ૨. બાળક સામે ચોઇસ મૂકો અને એ પાછળનું કારણ પૂછો

માબાપ બાળકને ગમતી બાબતો સીધેસીધી તેની સમક્ષ ધરી દેતાં હોય છે. જોકે બાળક વિચારે અને તેના વિચારો પાછળનું કારણ પણ જણાવે એ તેની પર્સનાલિટી ડેવલપમેન્ટમાં મહત્વનો ભાગ ભજવે છે. એટલે જ બાળકો સમક્ષ ઓપ્શન મૂકીને તેની ચોઇસ પૂછવી જોઈએ. ધારો કે તમે બાળકને વાર્તા કહી રહ્યા છો અને વાર્તાનાં પાત્રો જેમજેમ આગળ વધતાં જાય એમએમ એમની સિચુએશનમાં તમારા બાળકને મૂકીને તેને પૂછો કે તું આ જગ્યાએ હોત તો શું કરત? અહીં બાળકની પોતાની વિચારશક્તિ ખૂલે છે. રવિવારે તેને બહાર લઈ જવાના હો ત્યારે મોલમાં જવું છે કે ગાર્ડનમાં એવું તેને પૂછો. તેને ચોઇસ કરવા દો. તેને ડિસિઝન લેવા દો. તેના ડિસિઝનને તમે રિસ્પેક્ટ કરો. સાથે જ તેણે એ ડિસિઝન કેમ લીધું એ પણ તેની પાસેથી જાણો. યાદ રહે કે આ બધાં જ પ્રેક્ટિકલ સ્ટેપ્સ છે જે બાળકને પોતાની મેળે જ વિકસવામાં મદદ કરશે. આ બધું કદાચ સ્કૂલમાં રહીને તે નહીં શીખી શકે.

### 3. બાળકના હાથમાં પૈસા આપીને શોપિંગમાં લઈ જાઓ

બાળકોને શોપિંગ માટે બહાર લઈ જાઓ અને પૈસા તેના હાથમાં આપો. તેને ૧૦૦ રૂપિયાની નોટ આપીને કહો કે બેટા, આજે મમ્મા પાસે પૈસા નથી એટલે તમારે જ આ પૈસાથી મમ્માના વોલેટનું કામ કરવાનું છે. વિવિધ શાક અને ફ્રુટ્સ તેને માર્કેટમાં દેખાડો. જે એપલ તેણે ફોટોમાં જોયાં છે એ હકીકતમાં કેટલા બધા પ્રકારનાં છે એ બહાર નીકળશે તો જ તેને સમજાશેને. શાકભાજી પસંદ કરવાથી લઈને શાકભાજીના પૈસા તેની પાસે અપાવડાવો. ૧૦૦માંથી ૩૦ રૂપિયાનાં ટમેટાં આવ્યાં હોય તો શાકવાળાએ બાકીના કેટલા પૈસા પાછા આપવાના એ ગણતરી પણ તેને કરવા દો. અહીં બહારના વિશાળ વિશ્વ સાથે પરિચય તો કેળવશે જ, સાથે ગણિતને તે પ્રેક્ટિકલી અમલમાં મૂકશે. રેસ્ટોરાંમાં જમવા ગયા હો ત્યારે બાળકને પોતાની રીતે ઓર્ડર કરવા દો. વેઇટર સાથે તેને વાત કરવા દો. એમાં જો તે સરસ રીતે પોતાને જોઈતી વસ્તુ મગાવી લે તો તેને એપ્રીશિયેટ કરો અને ધારો કે તે ખરાબ રીતે વાત કરે તો તેના વર્તનને મોડિફાય પણ કરો. આમ બહારના લોકો સમક્ષ પોતાની પસંદનાપસંદ જાહેર કરતાં શીખતું બાળક વિશ્વ સમક્ષ આત્મવિશ્વાસથી ઉભું રહી શકશે. તેની સોશ્યલ કમ્યુનિકેશનની આવડત પણ ડેવલપ થશે.

# IIT ની સમકક્ષ આવતી સંસ્થા IISER

To promote high quality scientific education, research and training, Ministry of Human Resource Development (MHRD), Government of India, has set up seven Indian Institutes of Science Education and Research (IISERs) at Berhampur, Bhopal, Kolkata, Mohali, Pune, Thiruvananthapuram and Tirupati.

## પ્યોર સાયન્સમાં ભણવું હોય, સાયન્ટીસ્ટ બનવું હોય તો ધો.૧૨ સાયન્સ પછી Indian Institute of Science Education and Research માં પ્રવેશ લઇને ભણવું જોઇએ

**BS-MS Dual Degree Programme**

It is a five year dual degree program for bright and motivated science students who have passed (10+2) level. The program integrates classroom learning with research and provides ample scope for multidisciplinary interactions. The first two years of the program consist of core courses in basic sciences, the third and fourth years are dedicated to specialization in chosen science subjects and the fifth year includes a research project. The training during the program enables students to pursue a career in academia, R&D institutes and science based industries.

**Eligibility**

There are three channels of admission. Candidates will be admitted to IISER only through these channels.

Kishore Vaigyanik Protsahan Yojana (KVPY) channel

Joint Entrance Examination of Indian Institutes of Technology (IIT-JEE) channel

State and Central Boards Channel (SCB) channel

These channels will be referred to as KVPY, IIT-JEE and SCB respectively

Indian nationals, and students belonging to PIO or OCI category are eligible to apply provided they satisfy the eligibility criteria described below.

**KVPY Channel**

Candidates having a valid KVPY fellowship commencing from 2016-17 academic session are eligible to apply for admissions. Additional cut off criteria may be applicable.

**IIT-JEE Channel**

Candidates in General category securing a rank within 10000 in the Common Rank List (CRL) of JEE Advanced 2016 are eligible to apply. For candidates belonging to reserved category (OBCNC, SC, ST, PD), their category rank would be used. Additional cut off criteria may be applicable.

**SCB Channel**

Students who have passed (10+2) level with science stream in 2015 or 2016 with marks equal or above the cut off percentage in their respective boards as given in the table below are eligible to apply. For the candidates belonging to the Non-Creamy Layer of the Other Backward Classes (OBCNC) and Persons with Disability (PD) categories, there is a 5% relaxation. The cut-off percentage for the Scheduled Castes (SC), the Scheduled Tribes (ST) and Kashmiri Migrants (KM) candidates is 55% in (10+2) level for all boards.

Students applying through SCB channel will have to appear in the IISER Aptitude Test which will be conducted at various centres across the country. To calculate your percentage of marks obtained use your board's method.

## માલીબા સંકુલના મેનેજમેન્ટએ શ્રી શ્રી રવિશંકરના આશીર્વાદ મેળવ્યા



સુરત નજીક બારડોલી મહુવા રોડ પર આવેલા માલીબા વિદ્યાસંકુલ, ઉકા તરસાડીયા યુનિવર્સિટીના મેનેજમેન્ટના આગેવાન શ્રી ડો. દિનેશ શાહ, શ્રી કિરીટભાઇ પટેલએ તાજેતરમાં આર્ટ ઓફ લિવિંગના વિશ્વ વિખ્યાત સંત શ્રી શ્રી રવિશંકરના આશીર્વાદ મેળવ્યા હતા.

## ગજેરા ગ્લોબલ સ્કુલમાં વિદેશી કોચે માર્શલ આર્ટસની ટ્રેનિંગ આપી



ગજેરા ગ્લોબલ સ્કુલમાં વિતેલા પખવાડિયા દરમિયાન વિદેશી કોચે માર્શલ આર્ટસની ટ્રેનિંગ આપી. શાળાના વિદ્યાર્થીઓએ વિદેશી કોચ પાસેથી બહુમૂલ્ય ટીપ્સ મેળવી હતી. તેમણે વિદ્યાર્થીઓને જુદા જુદા માર્શલ આર્ટમાં કેવી રીતે નિપૂર્ણતા મેળવી શકાય અને વ્યવહારુ જીવનમાં તેની ઉપયોગીતા અંગે પણ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## અમદાવાદમાં ટ્રેનિંગ લઇને પણ પાઇલોટ બની શકાય

Medical examiners in India: http://dgca.nic.in/medical/class2-ind.htm.

We take admission only after the completion of Class II Medical Admission Procedure: We require the following documents at the time of admission:-

1. 10th Marksheet (5 copies, Attested by gazetted officer)
2. Passing certificate (5 copies, Attested by gazetted officer )
3. 12th Marksheet (5 copies, Attested by gazetted officer )
4. School leaving certificate (5 copies, Attested by gazetted officer )
5. Proof of Date of Birth (Xerox Attested by gazetted officer 5 copies)
6. Class II Medical Assessment or CA 34 or CA 35
7. Police verification certificate & Mark sheet Verification certificate (10th & 12th) (After Admission )
8. Photo ID Proof
9. Address Proof (5 copies, Attested by gazetted officer )
10. Photograph (20)

Please visit us at our admission cell with prior appointment. Feel free to contact our admission cell for any other queries on the number given at the link below.
http://www.aaa.co.in/contact.php

Admission Cell Office C/O Indus Institute of Technology & Engineering (IITE)
Village Rancharda, Via Thaltej, Shilaj, Ahmedabad-382115. Gujarat(India). Mobile : +91-99251 90527 E-mail: info@aaa.co.in

Operations Base
AAA Hangar, S.V.Patel International Airport
Ahmedabad-380003. Gujarat(India).
Mobile : +91-98250 47065, +91-99251 90527
Telephone : +91-79-22861406 FAX : +91-79-22861408
E-mail: info@aaa.co.in , admission@aaa.co.in

# સ્વ-વિકાસની યાત્રા

**લેટેસ્ટ વર્ઝનથી ગ્રેટેસ્ટ કન્વર્ઝન સુધી**

જો કોઇ અમને પૂછે કે જીવનને જીવંત બનાવવા શું કરવું? તો અમારો એક લીટીનો જવાબ છે 'સ્વયમ્‌નું લેટેસ્ટ વર્ઝન કેળવવું અને ગ્રેટેસ્ટ કન્વર્ઝન મેળવવું.' પણ લેટેસ્ટ વર્ઝન એટલે શું? 'લેટેસ્ટ વર્ઝન એટલે જ્યાં છીએ, જેવા છીએ, જેવી રીતે છીએ ત્યાંથી એખ ઇંચ ઉપર ઉઠવું અને એક ડગલું આગળ વધવું.'

**Story Glory**

ઝેન ગુરુઓની શીખવવાની ખૂબ અનોખી રીત હોય છે. એકવાર એક ગુરુ કેટલાંક શિષ્યો સાથે આશ્રમ પાસેની નદી કિનારે બેસી જીવનના ધર્મ, કર્મ અને મર્મ વિશે સમજાવી રહ્યાં હતા.

શિષ્યએ પૂછ્યું : પાણી મેલું કેમ થતું નથી?

ગુરુએ સહજતાથી કહ્યું : કારણ કે તે વહે છે.

શિષ્યએ પૂછ્યું : પાણી કેમ સડતું નથી?

ગુરુએ સરળતાથી કહ્યું : કારણ કે તે વહે છે.

શિષ્યએ વધુ જીજ્ઞાસાપૂર્વક પૂછ્યું : પાણીનો સ્પર્શ જીવંતતાનો, તાજગીનો અનુભવ કેમ આપે છે?

ગુરુએ સ્મિત સાથે કહ્યું : કારણ કે તે વહે છે.

શિષ્યએ ઉત્સુક્તાવશ પૂછ્યું : પાણી વહે તેથી શું થાય?

ગુરુએ થોડું વિસ્તાર પૂર્વક કહ્યું : તે વહે છે એટલે પાણીના ટીપામાંથી ઝરણું બને છે. ઝરણું વહેતું વહેતું નદી બને છે. નદી વહેતી રહે છે. એટલે મહાનદી બને છે. મહાનદી અવિરત આગળ વધે છે એટલે સમુદ્ર બને છે અને સમુદ્ર આગળ વધી મહાસાગર બને છે.

શિષ્યોએ સંતોષ પૂર્વક કહ્યું : આજે ખૂબ જાણવા મળ્યું.

ગુરુએ સમાપન કરતા કહ્યું : જે જાણ્યા મળ્યું તેને જીવવા લાગો.

**લેટેસ્ટ વર્ઝન તરફ**

સ્વયમ્‌નું લેટેસ્ટ વર્ઝન એટલે પોતાનું નવું સંસ્કરણ, પોતાની નવી આવૃત્તિ, પોતાનું નવીનીકરણ, પોતાનું વિકસિત સ્વરૂપ. પ્રકૃતિનો નિયમ છે જે વધતું નથી તે ઘટતું હોય છે. વિશ્વ વિખ્યાત Wellness coach રોબિન શર્મા કહે છે, "If you are not moving forward than you are going backward."

સ્થિરતા મૃત્યુ છે, પ્રવાહિતા જીવન છે. રૂંધાય છે તે ગંધાય છે. એટલે જ જે લોકો આપણને એનરજેટીક અને એન્થુસિયાસ્ટિક લાગતા હોય છે તે સતત પોતાને આગળ વધારનારા અને પોતાને લેટેસ્ટ રાખનારા હોય છે. સ્વયમ્‌નું લેસ્ટ વર્ઝન કેળવવું એટલે સતત થોડું વધુ જ્ઞાન, થોડું વધુ કૌશલ્ય, થોડી વધુ સમજ, થોડી વધુ હિંમત, થોડી વધુ સરળતા, થોડો વધુ વૈભવ અને સરવાળે થોડા વધુ સમર્થ બની થોડો વધુ રોમાંચ પ્રાપ્ત કરવો. આપણાં વડીલોની શીખામણ છે. 'રોજ થોડું ઉમેરવામાં મોડું ના કરવું.'

**લેટેસ્ટ વર્ઝન કેળવવા શું કરવું?**

બે અસરકારક સિદ્ધાંત છે

(1) Micro Improvement

(2) Micro Adventure

**Micro Improvement**

**(નાના પગલાંનો સિદ્ધાંત)**

જીવનની પઝલના ઉકેલ ક્યારેક ગઝલની પંક્તિઓમાં મૂકેલ હોય છે. કવિશ્રી હિતેન આનંદપરા ગઝલની પંક્તિઓમાં આપણને 'શાંત થઇને સક્રાંત' થવાની દિશા આપે છે. 'બેસી નિરાંતે બે ઘડી બસ પૃથક્કરણ કરતા રહો, જે પણ મળે સારું સતત એને ગ્રહણ કરતા રહો, એ ભ્રમ કદીના પાળવો આકાશ અહીંથી અહીં સુધી

ક્ષિતિજ કંઇ સીમા નથી જો વિસ્તરણ કરતા રહો'

પૃથક્કરણ પછી થયેલું વિસ્તરણ નિશ્ચિત સુધારો અને વધારો આપે છે. સુધારો કરવા માટે જીવનમાંથી રોજ કંઇક કાઢવું પડે છે અને વધારો કરવા માટે જીવનમાં રોજ કંઇક નવું ઉમેરવું પડે છે.

Japanese Management "Kaizen" એપ્રોચ પર ભાર મૂકે છે. "Kai" એટલે Change અને Zen એટલે better. આમ better થવા માટે સતત change થવું. Kaizen એટલે continous Improvement. કૈઝન નિયમિત અને નિરંતર ચાલતી સુધારાત્મક પ્રક્રિયા પર કામ કરવાનું કહે છે. Kaizen મુજબ

Everyone can Improve
(દરેક વ્યક્તિ સુધારો કરી શકે છે.)
Everyday you can Improve
(દરેક દિવસે સુધારો થઇ શકે છે.)
Everywhere you can Improve
(દરેક જગ્યાએ સુધારો કરી શકાય છે.)
લેટેસ્ટ બનવા અને બની રહેવા
Kaizen ની વિચારધારા
Micro Improvement ને વિશેષ
મહત્ત્વ આપે છે.
કોઇ ચેમ્પિયન Kaizen નો ઉપયોગ કરી
પોતાની પ્રેક્ટિસમાં પ્રતિદિન નાના સુધારા
કરી પરફેક્શનને મેળવે છે.
કોઇ સંગીતકાર પોતાની સાધનામા
Kaizen ને સ્વીકારી શ્રેષ્ઠતાને પામતો
હોય છે.
કોઇ કલાકાર Kaizen દ્વારા પોતાના
સર્જનમાં વારંવાર સુધારા-વધારા કરી
સર્જનને મહાનતા પ્રદાન કરતો હોય છે.
કોઇ કંપની Kaizen ના સિદ્ધાંતને
અનુસરીને વર્લ્ડની બેસ્ટ કંપનીમાં સ્થાન
મેળવતી હોય છે.

Micro Improvement નિયમિત નાના પગલાં ભરી મોટી છલાંગ જેટલું અંતર કાપવાનું સૂચન કરે છે. વિશ્વશ્રીમંત વોરેન બફેટને કોઇકે પૂછ્યું હતું તમે આટલા મોટા રોકાણ કેવી રીતે કરી શક્યા? ત્યારે એમણે સરળ અને સચોટ વિધાન કહ્યું હતું 'નાના રોકાણ કરીને.' એમણે કહ્યું, 'લોકો રોકાણ માટે આવનારા અઠવાડિયાના કે આવનારા મહિનાના કોઇ વિશેષ મોટા અવસરની રાહ જોતા હોય છે, હું રોકાણ માટે આજે મળનારા નાના રોકાણના નાના અવસરને પણ ઉપયોગમાં લઉ છું.' બસ મિત્રો આ જ secret છે. પ્રત્યેક ક્ષેત્રમાં આવતી નાની શખ્યતાઓ તમને મોટી સિદ્ધિ માટે સજ્જ બનાવતી હોય છે. અને મજાની વાત એ છે કે જે આપણને મોટાં બનાવી શકે તે નાના પગલાં કઇ રીતે હોઇ શકે? જે latest બનાવી શકે તે Least ન હોઇ શકે.

**Micro Adventure**

**(નાના સાહસનો સિદ્ધાંત)**



પિયુષ જોષી
૯૮૩૩૦૮૬૮૬૪

ડૉ. પરેશ સવાણી
૯૯૦૯૦૧૯૫૪૧

## જીત તમારી, રીત અમારી

રોજિંદી ઘટમાળ જીવનને કાટમાળ બનાવી દે છે. માટે જ એકાદ નવું સાહસ આપણા જીવનને સજીવન કરી શકે છે. સાહસ રોમાંચનું જન્મસ્થાન છે. નાનાં જોખમ, નાનાં સાહસ જીવનને તરોતાજાં રાખે છે. સાહસ જીવંતતાની ફીલ અને થ્રીલ બન્ને આપે છે. Excitement happens outside your comfort zone. એડવેન્ચરની યાદી ધ્યાનથી વાંચો આમાથી તમે છેલ્લું કામ ક્યારે કર્યું હતું?

- અજાણ્યા સ્થળની મુલાકાત લો.
- અજાણ્યા વ્યક્તિ જોડે વાત કરો.
- અનોખું મેગેઝિન વાંચો.
- અજાણ્યું ગીત સાંભળો.
- અજાણી ભાષાનો પ્રયોગ કરો, એનું એકાદ ફિલ્મ જુઓ.
- અજાણી વેબસાઇટ કે એપ્લિકેશન પર હાથ અજમાવો.
- અજાણી હોટલમાં જઇ અજાણી ડીશ ઓર્ડર કરો.
- અનોખું કે જુદા જ વિષયનું પુસ્તક વાંચો.

ક્રમશઃ Improvement, Betterment, Developement અને Advancement જેવા શબ્દોમાં રહેલી સ્થિતિ શક્તિનું જ્યારે ગતિશક્તિમાં રૂપાંતરણ થવા લાગે ત્યારે પ્રતિદિન લેટેસ્ટ વર્ઝન બનવાના અનુભવ થવા લાગે છે.

**ગ્રેટેસ્ટ કન્વર્ઝન સુધી**

આપણી સંસ્કૃતિ સદીઓથી જીવમાંથી શિવ, નરમાંથી નારાયણ કે વામનમાંથી વિરાટ થવાના વિચારો દ્વારા વ્યક્તિને વિભૂતિ થાનો અલ્ટીમેટ ગોલ આપતી રહે છે. Effectiveness ની યાત્રા સંતોષાય પછી Greatness ની યાત્રા આરંભાય છે. મેનેજમેન્ટની દુનિયામા Leadership એના સર્વોચ્ચ શિખરે Serventship બની જાય છે. રતન ટાટા, નારાયણ મૂર્તિ, અઝીમ પ્રેમજી, બિલ ગેટ્સ, વોરેન બફેટ કોર્પોરેટની પ્રસિદ્ધિ પછી કો-ઓપરેટની સિદ્ધિ પામી રહ્યાં છે.

**Winning Stroke**

મનુષ્યના આયુષ્યની Expiry Date વખતે Outdated નહીં પણ updated થઇને જઇએ તો ઇશ્વરને પણ આપણને upload કર્યાનો આનંદ ચોક્કસ થાય.

email : shikshansarvada@gmail.com

# ૧૬ થી ૩૧ જાન્યુઆરી ૨૦૧૮

FREE FOOD • FREE EDUCATION • FREE MEDICINE

શિક્ષણ સર્વદા

શિક્ષણ સર્વદા બ્રાંચ ઓફિસ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ટેલીફેક્સ : ૦૯૮૨૫૩-૪૪૯૪૪

## આ રીતે બાળકો રમત પ્રત્યે આકર્ષાતા હોય છે, ઉન્નતી ઇંગ્લિશ એકેડેમીના ભૂલકાઓએ સ્પોર્ટસ શોપમાં આનંદ માણ્યો





વિશ્વમાં આજે સ્પોર્ટસ એ સૌથી મોટું પ્રોફેશન બની ચૂક્યું છે. કાબેલ સ્પોર્ટસ પર્સન મબલખ કમાણી તો કરી રહ્યા છે પરંતુ, તેની સાથો સાથ તેઓ ઉમદા સમાજસેવી અને દાનવીર બનીને સમાજનું રુણ પણ અદા કરી રહ્યા છે. સ્પોર્ટસ પર્સનનું વ્યક્તિત્વ પણ વિશેષ ઘડતર પામે છે. આવી સ્થિતિમાં બાળકોમાં બાળપણથી જ સ્પોર્ટસ પ્રત્યે રૂચી જાગે અને એ રમત-ગમત તેમના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરે તે માટે દરેક સ્કુલો અલગ અલગ પ્રયાસો કરતી હોય છે. અહીં પ્રસ્તુત ફોટોગ્રાફ્સ સુરતના ઉમરા ખાતે આવેલી ઉન્નતી ઇંગ્લિશ એકેડેમીના બાળકોની છે જેમને સુરત ડુમસ રોડ પર આવેલી ખ્તાતનામ સ્પોર્ટસ શોપ ડિકેથ્લોનની મુલાકાતે લઇ જવાયા હતા. અહીં સ્પોર્ટસના એટલા વ્યાપક સાધન, એસેસરીઝ, ઇક્વિપમેન્ટસ છે કે વિદ્યાર્થીઓ સાહજિક સ્પોર્ટસ પ્રત્યે આકર્ષાય છે.


# નાપાસ થવાની બીકે બીજે મેડિકલના દલીત વિદ્યાર્થીના કોલેજ સામે મનઘડંત આક્ષેપો

## દલીત સમાજમાંથી આવતા સિનિયર ડૉક્ટરો પણ આ વિદ્યાર્થીની કરતુતને યોગ્ય માનતા નથી

‘હું દલીત છું માટે મારી સાથે ભેદભાવ રાખવામાં આવે છે તેમ બી.જે.મેડિકલ કોલેજના સર્જરી વિભાગના ત્રીજા વર્ષમાં ભણતા એમ. મરીરાજને કોલેજના ડૉક્ટર્સ સામે આક્ષેપ કર્યો છે. બી.જે.મડિકલ કોલેજના આ વિદ્યાર્થીએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યા બાદ કેટલાક જ્ઞાતીવાદી સંગઠનોએ આ ઘટનાને રાજકીય રંગ આપવાનો પ્રયત્ન કર્યો હતો. જેના કારણે બીજા દિવસે કોલેજમાં તોડફોડની ઘટના બની હતી. વિદ્યાર્થી જેણે આ આક્ષેપ કર્યો છે તે ભણવામાં બિલકુલ અનિયમીત હોવાનું કોલેજના ડૉક્ટર્સ કહી રહ્યા છે.

પુણેમાં બનેલી જાતિય હિંસાની ઘટના બાદ સમગ્ર મહારાષ્ટ્ર અને ત્યારબાદ ગુજરાતમાં તેના પડઘા જોવા મળ્યા હતા. આગામી એપ્રિલ મહિનામાં બી.જે.મેડિકલ કોલેજમાં પરીક્ષા યોજાવાની છે ત્યારે આ વિદ્યાર્થીએ દલીત કાર્ડ રમી પોતે કરેલી ભુલો ઉપર પડદો પાડવા સમગ્ર તરકટ રચ્યુ હોવાનું ડૉક્ટર્સ જણાવી રહ્યા છે. સમગ્ર ઘટના અંગે બી.જે.મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ અને ડૉક્ટર્સ સાથે વાત કરતા પોતાને દલીત ગણાવતા આ વિદ્યાર્થીએ વ્યક્તિગત લાભ માટે ઘટનાને ઉપજાવી કાઢી છે અને તેને ભરપૂર ઉછાળવા પ્રયત્ન કર્યો હતો. તેમજ કોલેજનું વાતાવરણ ડહોળવાનું કામ કર્યું હોવાનું ડૉક્ટર્સ જણાવી રહ્યા છે.

દલીત સમાજમાંથી આવતા ડૉક્ટરો પણ આ મુદ્દે અંતર રાખી રહ્યા છે અને જાહેરમાં કોઈ પણ પ્રકારની ટીપ્પણી કરવા અચકાઈ રહ્યા છે. આ અંગે સિવિલના એક સિનિયર ડૉક્ટરે કહ્યું કે, ભૂતકાળમાં રેગિંગની ફરીયાદો જોવા મળી છે, પણ એટ્રોસિટીની પહેલી વખત ફરીયાદ સાંભળવા મળી છે. સવિશેષ આ વિદ્યાર્થીના કિસ્સામાં કામ કરવાના પહેલેથી ઈશ્યુ હતા. ભૂતકાળમાં આ વિદ્યાર્થી માટે મીટિંગો કરવામાં આવી હતી. આ



વિદ્યાર્થીના કિસ્સામાં ત્રણ યુનિટ બદલવામાં આવ્યા હોવાનું મને જાણવા મળ્યું છે.

દલીત સમાજના એક અન્ય નિવૃત ડૉક્ટરે કહ્યું કે, આ ઘટના વિવાદાસ્પદ અને તપાસની બાબત છે, પરંતુ આ વિદ્યાર્થી ભણવામાં ગંભીર નહોંતો તેમ સાંભળવા મળ્યું છે. હું જે વિભાગમાં હતો તે વિભાગમાં ક્યારેય જ્ઞાતી આધારિત ભેદભાવ રાખવામાં આવ્યો નથી. અમારા વિભાગમાં ઘણા શિડ્યુલકાસ્ટ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ મળ્યા છે. હાલની સિસ્ટિમ ખૂબ પારદર્શક છે અને મને નથી લાગતું કે, સિવિલમાં ભાગ્યેજ કોઈ ડૉક્ટર આ પ્રકારનો પૂર્વગ્રહ રાખતા હશે.

### પરિવાર મળવા આવવા તૈયાર નથી

બી.જે.મેડિકલ કોલેજના પી.જી.ડાયરેક્ટરે તમીલનાડુ પોલીસનો સંપર્ક કર્યો હતો. આ વિદ્યાર્થીના એક પણ સગા તમીલનાડુથી અહીં આવવા તૈયાર નથી. બીજી તરફ સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે બી.જે.મેડિકલ કોલેજ પાસે આ વિદ્યાર્થી સાથે જ્ઞાતિ આધારિત ભેદભાવ કરવામાં આવ્યો છે કે નહીં તે અંગેની સમગ્ર ઘટનાની વિગતો મંગાવી છે.

આ વિદ્યાર્થી સાથે હોસ્પિટલના ડૉક્ટર્સ મુલાકાત લઈ રહ્યા છે અને તેની તકલીફ જાણવા પ્રયત્નો કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે હાલ વિદ્યાર્થી રોજેરોજ જુદીજુદી બીમારીની ફરિયાદ કરી રહ્યો છે. ક્યારેક પેટમાં દુખવાનું કહે છે તો ક્યારેક ખંજવાળ આવતી હોવાની ફરિયાદ કરી રહ્યો છે. હાલ તેને હોસ્પિટમલાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે.

## દલિત ડોક્ટરના આપઘાતના પ્રયાસના મામલે તબીબો સામેની ફરિયાદ પર સ્ટે

સિવિલ હોસ્પિટલના ૩૦ વર્ષીય દલિત રેસિડેન્ટ ડોક્ટર એમ. મારિરાજને વધુ પડતી ઘની ગોળીઓ લઇ આપઘાત કરવાનો પ્રયત્ન કરવાની ઘટનાએ મેડિકલ ક્ષેત્રમાં ચકચાર મચાવ્યો છે. આ મામલે હોસ્પિટલના જ અન્ય નવ ડોક્ટર્સ વિરૂદ્ધ એટ્રોસિટીની ફરિયાદ કરવામાં આવી છે. જેને રદ કરાવવા આ ડોક્ટર્સે ક્વોશિંગ પિટિશન કરતા હાઈકોર્ટે ફરિયાદ સામે હાલ પુરતો સ્ટે આપ્યો છે. જસ્ટિસ જે.બી.પારડીવાલાએ આ કેસમાં નોટિસ પાઠવીને કેસની વધુ સુનાવણી ૨૦મી એપ્રિલના રોજ મુકરર કરી છે.

આપઘાતનો પ્રયત્ન કરનાર મારિરાજનની ફરિયાદ હતી કે તે દલિત હોવાના કારણેતેની સાથે આભડછેટ રાખવામાં આવે છે અને ઓપરેશન વગેરે કામગીરીથી તેને દૂર રાખવામાં આવે છે. જયારે કે હાઈકોર્ટ સમક્ષ રિટ કરીને નવ તબીબો જેમાં ડો. ગુણવંત રાઠોડ, ડો. નીના શાહ, ડો. જયેશ પારિખ, ડો. પ્રશાંત મહેતા, ડો. પંકજ મોદી, ડો. પાર્થ દલાલ, ડો. વિક્રમ મહેતા, ડો. ઉત્કર્ષ શાહ, ડો. નીલ પટેલનો સમાવેશ થાય છે તેમણે સામૂહિક રીતે એ એવી રજૂઆત કરી છે કે,‘મારિરાજન દ્વારા ગેરવર્તણુંક કરવામાં આવતી હતી અને જાતે ઓપરેશન કરવાનો આગ્રહ રાખતો હતો. તેથી આ મામલે હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટને ફરિયાદ કરવામાં આવી હતી. જેનો બદલો લેવા મારિરાજને અમારી વિરૂદ્ધ પાયાવિહોણી ફરિયાદ કરી છે.

SHIKSHAN SARVADA : Year : 10, Issue: 238, Owner, Publisher & Printer : Ashok Randeria has published from 101, Rudraksh Residency, Opp. Janki Row House, Near Jalarambapa Temple, L.P. Savani School Road, Adajan, SURAT. Ph : 0261-2747440 and printed at Jagdish Printers, 10/537, Narayan Krupa apartment, Gajjar Sheri, Opp. B.O.B., Soni Falia Main Road, SURAT. RNI Regn. No. GUJ/2006/20048.